**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૮ ડીગ્રી
લઘુતમ : ૧૮.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૫૯ ટકા

# શહેરમાં શરદપૂનમની ઉલ્લાસપૂર્વક ઉજવણી

## વિવિધ સ્થળોએ રાસ-ગરબા સાથે દૂધ-પૌંઆનો પ્રસાદ





ગાંધીનગર, તા.૧૩

નવરાત્રીના નવ દિવસ ગરબે ઘૂમ્યા બાદ પણ ખેલૈયાઓને ગરબે ઘૂમવાની તત્પરતા ઓછી થતી નથી અને માટે જ શરદપૂનમના દિવસે ખેલૈયાઓને ગરબે ઘૂમવાનો લ્હાવો પ્રાપ્ત થાય છે. શહેરમાં શરદપૂનમ નિમિત્તે ઠેર ઠેર રાસ ગરબા યોજાયા હતા. શેરી ગરબાના સ્થળોએ, શહેરના વિવિધ ફાર્મ, વિવિધ કંપનીઓમાં તેમના કર્મચારીઓ માટે વિવિધ સંસ્થાઓ તથા મંદિરો આમ દરેક સ્થળે રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જયાં શહેરીજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને અંતે દૂધ પૌંઆનો પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

શરદપૂનમના દિવસે શહેરમાં નવરાત્રીનો માહોલ તાજો થયો હતો. ખેલૈયાઓ એજ ઉત્સાહથી ફરી એકવાર ગરબે ઘૂમ્યા હતા. નીતનવા ટ્રેડિશનલ ડ્રેસ સાથે સજજ વિવિધ સ્થળોએ ગરબે ઘૂમી સ્પર્ધામાં ઈનામ મેળવવા પણ ખેલૈયાઓ તત્પર જણાઈ રહ્યા હતા.

શહેરમાં શરદપૂનમ નિમિત્તે સે-૨ જલારામ મંદિર, અરવિંદ કેન્દ્ર સે-૨૩, વિવિધ ફાર્મ, ટીસીએસ, વિવિધ સંસ્થાઓ વિવિધ સોસાયટીઓ તથા શેરી ગરબાના સ્થળોએ રાસ ગરબા યોજાયા હતા. જેમાં ફરીથી નવરાત્રીનો માહોલ ઉભો થયો હોય તેમ જણાયું હતું. જલારામ મંદિર સે-૨૯ ખાતે ગરબા સ્પર્ધા યોજાઈ હતી જેમાં કેટેગરી મુજબ શ્રેષ્ઠ ખેલૈયાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વિવિધ ફાર્મમાં પણ ગરબા સ્પર્ધા યોજાઈ હતી જેમાં શ્રેષ્ઠ ખેલૈયાઓને ઈનામ આપી નવાજવામાં આવ્યા હતા.

શરદપૂનમની શીતળ રાત્રિમાં ચંદ્રમાની હાજરીમાં ઠંડા કરાયેલા દૂધ પૌંઆનું વિશેષ મહત્વ હોય છે. દરેક ગરબા સ્થળોએ દૂધ-પૌંઆના મહત્વનો સમજીનો પ્રસાદી સ્વરૂપે દુધ-પૌંઆ રખાયા હતા જે દરેકે આરોગ્યા હતા. જલારામ મંદિરમાં પણ ગરબા બાદ ઉપસ્થિત દરેક માટે આયોજકો દ્વારા દૂધ-પૌંઆની વ્યવસ્થા કરવામાં આવી હતી. શહેરીજનોએ શરદપૂનમ નિમિત્તો યોજાતા રાસ ગરબામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



લાંબા ચાલેલા ચોમાસા બાદ આકરો તડકો નીકળ્યો છે. તડકો નીકળતા જ ગૃહિણીઓએ દિવાળીની સાફસફાઈનું કામ આરંભ્યું છે. પસ્તી-ભંગારવાળાઓને ધંધો જામ્યો છે. પસ્તી અને ભંગારથી તેમની હાથલારી થોડાક જ કલાકોમાં ભરાઈ જાય છે.

## શ્રી વડનગરા નાગર મંડળ, ગાંધીનગરની કારોબારીની રચના



ગાંધીનગર, તા.૧૩

શ્રી વડનગરા નાગર મંડળ, ગાંધીનગરની રવિવારે યોજાયેલી સામાન્ય સભામાં શ્રી પ્રહર અંજિરયાની પ્રમુખપદે પુનઃ વરણી કરવામાં આવી છે. આ ઉપરાંત અન્ય કારોબારી સભ્યોની પણ વરણી કરવામાં આવી છે.

અરવિંદ કેન્દ્ર, સે-૨૩ ખાતે શ્રી વડનગરા નાગર મંડળ, ગાંધીનગરની વર્ષ ૨૦૧૯-૨૦ માટેની સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોએ હાજરી આપી હતી. સામાન્ય સભાની શરૂઆતમાં સભા પ્રમુખ શ્રી સુધીરભાઈ અંતાણીની આગેવાનીમાં શ્રી પ્રહરભાઈ અંજારિયાએ વર્ષ ૨૦૧૮-૧૯ના વાર્ષિક હિસાબોની વિસ્તૃતમાં જાણકારી આપી હતી જેને સર્વે જ્ઞાતિજનોએ મંજૂર કર્યા હતા. ત્યારબાદ સર્વે જ્ઞાતિજનોની સંમતિથી વર્ષ ૨૦૧૯-૨૦અને વર્ષ ૨૦૨૦-૨૧ માટે કારોબારીની રચના કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે શ્રી પ્રહર અંજારિયા, ઉપ્રમુખ તરીકે શ્રી જયંત બુચ, મંત્રી તરીકે શ્રી દિગંત ઓઝા, ખજાનચી તરીકે શ્રી તૃષિત ધ્રુ, સહમંત્રી તરીકે શ્રીમતી જીજ્ઞા બુચ અને શ્રી ગુંજન બુચની વરણી કરવામાં આવી છે જયારે અન્ય કારોબારી સભ્યો તરીકે શ્રી કશ્યપ મહેતા, શ્રી મુકેશ વૈદ્ય, શ્રી કેદાર ધોળકિયા, શ્રી નિશીથ મહેતા, શ્રીમતી કલ્યાણી વૈષ્ણવ, શ્રી પ્રેરક વસાડવા, શ્રી તથાગત મહેતા, શ્રી ધ્યેય વસાવડા, શ્રી કેયુર વોરા, શ્રીમતી ધ્વનિ વોરા, કુમારી મેઘાવી ઓઝા, શ્રી જૈમિન વૈદ્ય તથા ક્રોપ્ટ સભ્યો તરીકે શ્રી નિસર્ગ બુચ, શ્રી દિવ્યમ રાણા અને શ્રી હેરત શુકલની વરણી કરવામાં આવી છે.






ગાંધીનગર કલા-સંગીત-સાહિત્ય જેવા ક્ષેત્રે રચનાત્મક પ્રવૃત્તિઓથી ધમધમતું શહેર બની ગયુંછે. હિન્દી ફિલ્મો અને તેનું સંગીત દરેકના જીવનમાં કોઈને કોઈ રીતે અસર ઉભું કરતું પરિબળ છે. શહેરમાં કુડાસણ ખાતેના શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો ખાતે 'મેરી આવાઝ સુનો-કરાઓ કે કલબ' દ્વારા તાજેતરમાં હિન્દી ફિલ્મ જગતના સુપ્રસિધ્ધ અદાકારો રેખા અને અમિતાભ બચ્ચનની જન્મતિથી તથા રવિવારે ખ્યાતનામ પાર્શ્વગાયક સ્વ.કિશોરકુમારની પુણ્યતિથીએ કરાઓકે ટ્રેક શો સિંગિંગના કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુંહતું. જેમાં ગાંધીનગર અમદાવાદના અનુભવી બિન અનુભવી ગાયકોએ ગીતોની પ્રસ્તુતિ કરી હતી.

ગાંધીનગર શહેરમાં રોગચાળાએ ભરડો લેતા મનપા દ્વારા લોકજાગૃતિ કેળવવા વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સેકટરોમાં રીક્ષા દ્વારા મેલેરીયા, ડેન્ગ્યુ જેવા રોગો સામે સાવધાની અને સાવચેતી રાખવા પ્રચાર કરવામાં આવી રહ્યો છે.



## મુવી હાઉસ

### પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

- **વોર** ૯.૦૦, ૧૨.૨૦, ૧.૨૫, ૩.૪૦, ૬.૦૦, ૭.૦૦, ૧૦.૨૦
- **છીછોરે** ૭.૪૦
- **ડ્રીમગર્લ** ૨.૧૦
- **ધ સ્કાય ઈઝ પિન્ક** ૧૦.૦૦, ૧.૦૫, ૪.૧૦, ૭.૧૫, ૧૦.૩૦
- **જોકર (અંગ્રેજી)** ૧૦.૪૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
- **જીમીની મેન** ૧૧.૩૦, ૫.૦૦, ૧૦.૪૫

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

- **વોર** ૯.૧૦, ૧૧.૦૫, ૧૨.૧૫, ૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૯.૦૦, ૧૦.૦૦
- **ધ સ્કાય ઈઝ પિન્ક** ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦
- **જીમીની મેન** ૯.૨૦, ૧૧.૫૫, ૨.૩૦, ૮.૧૦, ૧૦.૪૫
- **જોકર (અંગ્રેજી)** ૧૨.૧૦, ૫.૨૦
- **જોકર (અંગ્રેજી) (હિન્દી સબટાઈટલ સાથે)** ૯.૩૫, ૨.૪૫, ૬.૨૦, ૭.૫૫, ૧૦.૩૦
- **બીજો દિવસ** ૫.૦૫

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

- **વોર** ૯.૨૫, ૧૧.૩૦, ૧૨.૩૦, ૩.૪૦, ૫.૦૫, ૬.૫૦, ૯.૦૦, ૧૦.૦૦
- **ધ સ્કાય ઈઝ પિન્ક** ૯.૦૫, ૧૦.૦૦, ૧૧.૩૦, ૧૨.૩૦, ૨.૪૦, ૩.૪૦, ૫.૫૦, ૬.૫૦, ૯.૦૦, ૧૦.૦૦
- **જીમીની મેન** ૯.૦૦, ૨.૩૫, ૬.૨૦, ૧૦.૪૫
- **જોકર (અંગ્રેજી) (હિન્દી સબટાઈટલ સાથે)** ૮.૫૫, ૧.૦૦, ૩.૪૦, ૮.૧૦

## ચિરવિદાય

- સ્વ. ક્રિશ્ના જીતેન્દ્ર પંડયા, ઉ.વ. ૨૨

**રક્તદાન મહાદાન**

# 'ભલે મુલાકાત ના થાય, દર્શન થાય તો પણ મારો ફેરો વસુલ'

## હિન્દી ફિલ્મોના મહાનાયક અમિતાભ બચ્ચનના ગાંધીનગરના પ્રસંશક દિલીપસિંહ સતત પચ્ચીસમા વર્ષે બચ્ચન સાહેબના જન્મદિને તેમને મળવા મુંબઈ પહોંચી ગયા : અત્યાર સુધીમાં પાંચ વાર રૂબરૂ મળી ચુકયા છે છતાં તેમનો ક્રેઝ વધતો જ જાય છે





ગાંધીનગર, તા.૧૩

'દેવીયો ઔર સજ્જનો, મૈં હું અમિતાભ બચ્ચન' આ શબ્દો જયારે ટીવીના પડદે ગૂંજી ઉઠે છે ત્યારે સૌ કોઈને પોતાના તમામ કામકાજ છોડીને ટીવી સામે જ બેસી જવાનું મન થાય છે. હિન્દી ફિલ્મજગતના સૌથી લોકપ્રિય અભિનેતા અને વિશ્વભરમાં મિલેનિયમ સ્ટાર તરીકે જાણીતા તથા જેટલી પ્રભાવશાળી કારકિર્દી છે તેનાથી પણ વધુ આદર્શ અને સન્માનીય વ્યકિતત્વ ધરાવતા લોકલાડીલા અમિતાભ બચ્ચનનો તા. ૧૧મી ઓકટોબરે ૭૭મો જન્મદિવસ હતો. દર વર્ષની જેમ આ વર્ષે પણ તેમના જન્મદિવસે શુભેચ્છા આપવા દુનિયાભરના તેમના કરોડો પ્રસંશકો પૈકી હજારો 'ક્રેઝી' કહી શકાય તેવા ફેન્સ તેમના નિવાસસ્થાને પહોંચી ગયા હતા. ગાંધીનગરથી પણ કેટલાંક પ્રસંશકો બચ્ચન સાહેબને મળવા-નિહાળવા પહોંચ્યા હતા જેમાં એક પ્રસંશક એવા હતા જેઓ સતત પચ્ચીસમા વર્ષે તેમના અતિપ્રિય અને આદરણીય અભિનેતાની એક ઝલક પામવા અને પોતે લખેલી એક સ્ટોરી જેમાં અમિતાભ બચ્ચનની તમામ ફિલ્મના નામનો સમાવેશ થઈ જાય છે તેની ભેટ આપવા પહોંચ્યા હતા.

ગાંધીનગરમાં વકિલાતનો વ્યવસાય કરતા દિલીપસિંહ બિહોલાને તેમના તમામ મિત્રો, સ્નેહીજનો સગા સંબંધીઓ તથા તેમના તમામ અસીલ સૌ કોઈ તેમને વકીલ ઓછા અને અમિતાભ બચ્ચનના પ્રસંશક તરીકે વધુ ઓળખે છે. અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના નાનકડા ભાવડા ગામના દિલીપસિંહના પિતા અજિતસિંહ પ્રાથમિક શિક્ષક હતા અને તેમના બે દિકરા અને એક દિકરી એમ ત્રણ સંતાનોમાં સૌથી મોટા પુત્ર દિલીપસિંહ આ લખનારની જેમ જ માત્ર દસ વર્ષની વયે ફિલ્મ 'મુક્કદર કા સિકંદર' નિહાળી અમિતાભ બચ્ચનના આજીવન પ્રસંશક બની ગયા હતા. બસ પછી તો કોઈ છાપામાં કે મેગેઝીનમાં અમિતાભની તસવીર કે તેના અંગે લખાણ આવે તો કાપી લઈ સંગ્રહ કરવાનો બાળપણમાં રમવા માટે બજારમાં વેચાતા ફોટોમાંથી બચ્ચનના ફોટા કોઈ ભોગે મેળવી એકત્ર કરવાના, તેમની ફિલ્મો થીએટરમાં આવે એટલે ગમે તેમ કરીને જોવા જવું, હાલતા-ચાલતા અમિતાભની સ્ટાઈલ, ડાયલોગ્ઝ વગેરેની નકલ કરવાની કોશિષ કરવી, રેડિયો-ટીવી પર અમિતાભના કાર્યક્રમો યાદ રાખીને સાંભળવા-જોવા વગેરે પ્રવૃત્તિનો પ્રારંભ થઈ ગયો હતો. જો કે દિલીપસિંહ અભ્યાસમાં પણ પુરતું ધ્યાન આપતા હતા તેથી તેમના પિતાને કોઈ વાંધો નડયો નહી અને અમદાવાદમાં બીકોમ અને પછી એલએલબી કરનાર દિલીપસિંહ શાળાની જેમ કોલેજમાં પણ તેમના ગોઠિયા મિત્રો જયેશ પટેલ તથા ભરત પટેલ સાથે અમિતાભના પ્રસંશક તરીકે જાણીતા થયા હતા. જો કે દિલીપસિંહને તેમના માતા દશરથબેનની સરસ ભજનો ગાવાની કળા વારસામાં મળી હતી જેના કારણે તેઓ સારૂ ગાઈ શકતા હતા જેના કારણે કોલેજના તમામ વર્ષોમાં ટેલેન્ટમાં અમિતાભ બચ્ચનના ગીતો ગાઈને પ્રથમ, દ્વિતિય અને તૃતીય સ્થાને ઈનામો જીતતા હતા. એટલું જ નહી આ દરમિયાન તે યુગમાં અમદાવાદમાં જાણીતી ઓરકેસ્ટ્રા પાર્ટીઓ જેવી કે લાખિયા બ્રધર્સ, બાબરા એન્ડ પાર્ટી, કુમાર મ્યુઝિક મેલોડી, ભપ્પી સરકાર વગેરેમાં સ્ટેજ શૉમાં પણ ગાવા જવા લાગ્યા હતા અને વર્ષ ૧૯૯૬માં તેમણે અમદાવાદના ટાઉનહોલ ખાતે અમિતાભના ગીતોનો 'વન મેન શૉ' પણ કર્યો હતો. આ સમયથી જ તેમણે તેમના પ્રિય અભિનેતાના જન્મ દિને મુંબઈ જઈ શુભેચ્છા પાઠવવાનો સિલસિલો પણ શરૂ કરી દીધો હતો.





અમિતાભ બચ્ચનને લગતી કોઈ પણ ચીજવસ્તુને એકત્ર કરવાના તેમના શોખને મિત્રોનો ખૂબ સહકાર મળ્યો હતો જેમાં એક મિત્રએ અમિતાભની 'હમ' ફિલ્મના એક પોઝનું લાકડાનું સુંદર કટિંગ ભેટ આપ્યું હતું. દિલીપસિંહને પરિવારમાં એક દિકરો અને એક દિકરી એમ બે સંતાનો છે જેમાં તેમણે દિકરીનું નામ પણ બચ્ચન સાહેબની દિકરી 'શ્વેતા'નું નામ પાડયું છે. તેમના પત્નિ ગીતાબેન જેઓ તાલુકા પંચાયતના કર્મચારી છે જેમની ગાંધીનગર બદલી થતાં વર્ષ ૨૦૦૪માં ગાંધીનગર રહેવા આવેલા દિલીપસિંહ અત્યાર સુધીમાં અમિતાભ બચ્ચનને રૂબરૂ પાંચ વાર મળી ચુકયા છે પરંતુ જયારે ૧૯૯૫માં પહેલી વાર મળ્યા ત્યારે બચ્ચન સાહેબને લાંબા સમય સુધી ભેટી રહ્યા હતા કેમ કે તેમને વિશ્વાસ જ નહોતો આવતો કે જેમની તેઓ દિવસ-રાત મનમાં પૂજા કરે છે, જેમની ફિલ્મો જોવા પોતાના ગામેથી પાંચ કિમી ચાલીને ઓઢવ જતા અને રાત્રે સાધન ના મળે તો પાંચ કિમી ચાલીને પરત ફરતા તે પ્રિય અભિનેતા સાચે જ તેમની સામે ઉભા છે. અમિતાભ બચ્ચનને અસંખ્ય પત્રો લખ્યા, તેમની તસવીરોના આલ્બમ બનાવ્યા તેમના ગીતો ગાયા તે ઉપરાંત અમિતાભ 'ખુશ્બુ ગુજરાત કી'ના શુટિંગ માટે કે અન્ય કોઈ પણ પ્રસંગે ગુજરાત આવ્યા હોય ત્યારે દિલીપસિંહ તેમને નિહાળવા અચુક પહોંચી જતા. સોમનાથ મંદિરના શુટિંગમાં તો એક દિવસ માટે ગયેલા દિલીપસિંહ પાંચ દિવસ સુધી રોકાઈ જતા અહીં તેમના કેસો પણ અટવાઈ પડયા હતા. દિલીપસિંહે વર્ષ ૨૦૧૭માં ગાંધીનગરના ટાઉનહોલ ખાતે પણ 'અરે દિવાનો મુઝે પહેચાનો' શિર્ષક હેઠળ કાર્યક્રમ કર્યો હતો અને તેમાં આવેલ તમામ ભંડોળ તેમણે પોતાના બિહોલા સમાજને ભેટ આપી દીધું હતું કેમ કે તેઓ પોતાના સમાજમાં પણ અગ્રણી કાર્યકર તરીકે સેવાઓ આપી રહ્યા છે અને આજે તેમાં રાજયના સંગઠન મંત્રીનો હોદ્દો પણ ધરાવે છે.

અમિતાભ બચ્ચનની સમય પ્રતિબધ્ધતા, શિસ્ત, પ્રમાણિકતા, પરફેકશનનો આગ્રહ અને ચુંબકીય અવાજથી પ્રભાવિત દિલીપસિંહ હંમેશા તેમની ફિલ્મો પહેલા દિવસે પહેલા શૉમાં જોતા પરંતુ હંમેશા પોતાના મિત્રોને પણ સાથે લઈને જ જતા. છેલ્લા કેટલાક વર્ષોથી 'અમિતાભ બચ્ચન એકસ્ટેન્ડેડ ફેમિલી' નામના બચ્ચન પ્રસંશક ગૃપ સાથે જોડાયેલા દિલીપસિંહ કેબીસીમાં પણ દર્શક બનીને જઈ આવ્યા છે અને સતત પચ્ચીસ વર્ષ સુધી જન્મદિવસે બચ્ચન સાહેબના નિવાસસ્થાને જવાની બાબતે તેઓ એટલું જ કહે છે કે 'ભલે સાહેબની મુલાકાત ના થાય પરંતુ તેમના દર્શન થાય તો પણ અમારો ફેરો વસુલ જ છે.'

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com